જા. નં. ૨૨ /બો.ઓ.મે./કુ.સ.કા./ગૂ.વિ./૨૦૨૩-૨૪

# ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ

## બોર્ડ ઑફ મેનેજમેન્ટ(DU) -૦૧/૨૦૨૩-૨૪ : ૦૮.૦૫.૨૦૨૩

ગૂજરાત વિદ્યાપીઠની સને ૨૦૨૩-૨૪ના વર્ષની બોર્ડ ઑફ મેનેજમેન્ટની પ્રથમ બેઠક તા. ૦૮.૦૫.૨૦૨૩ને સોમવારનાં રોજ બપોરે ૧૨.૦૦ કલાકે આદરણીય કા.કુલનાયકશ્રીના અધ્યક્ષ સ્થાને ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે મળી હતી. તેમાં નીચેના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા:

૧. ડૉ. ભરતભાઈ જોશી, અધ્યક્ષ અને કા.કુલનાયકશ્રી
૨. ડૉ. હર્ષદભાઈ એ. પટેલ, સભ્યશ્રી અને ટ્રસ્ટીશ્રી
૩. શ્રી દિલીપભાઈ પી. ઠાકર, સભ્યશ્રી અને ટ્રસ્ટીશ્રી
૪. ડૉ. ઉષાબહેન ઉપાધ્યાય, સભ્યશ્રી અને પ્રાધ્યાપકશ્રી
૫. ડૉ. પ્રેમ આનંદ મિશ્ર, સભ્યશ્રી અને ડીનશ્રી
૬. ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા, સભ્યશ્રી તથા વરિષ્ઠ પ્રાધ્યાપકશ્રી
૭. શ્રી રણછોડભાઈ ચૌહાણ, સભ્યશ્રી અને સહ પ્રાધ્યાપકશ્રી
૮. ડૉ. નિખિલ ભટ્ટ, કા.કુલસચિવશ્રી

ડૉ. નવીનચંદ્ર શેઠ, શ્રી વિશાલભાઈ ભાદાણી બેઠકમાં ઉપસ્થિત નહીં રહી શકે તેની ફોન/-ઈ-મેઈલથી જાણ કરી હતી. તેમની ગેરહાજર રહેવાની રજા મંજૂર કરવામાં આવી. ડૉ. રંજનાબહેન હરીશ બેઠકમાં ઉપસ્થિત નહીં રહી શકે તેની ઈ-મેઈલથી જાણ કરી હતી અને બાદમાં તેમણે બોર્ડનાં સભ્ય પદેથી રાજીનામુ મોકલી આપેલ છે જેની બેઠકમાં ઉપસ્થિત સભ્યશ્રીઓને જાણ કરવામાં આવી.

બેઠકની શરૂઆત સર્વધર્મ પ્રાર્થનાથી કરવામાં આવી.

કાર્ય-૧ : તા.૧૪.૦૩.૨૦૨૩ અને તા.૧૮.૦૩.૨૦૨૩ના રોજ મળેલ બેઠકનાં અહેવાલને બહાલી આપવા બાબત તથા તા.૧૪.૦૩.૨૦૨૩ અને તા.૧૮.૦૩.૨૦૨૩ના રોજ મળેલ બેઠકનાં અહેવાલની અમલવારી નોંધોને ધ્યાનમાં લેવા અંગે.

આ કાર્યમાં તા.૧૮.૦૩.૨૦૨૩ના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠક ગૂજરાત વિદ્યાપીઠ ખાતે મળી હતી તેમ સ્થળ નિર્દેશ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

તા.૧૮.૦૩.૨૦૨૩ના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકનાં ઠરાવ-૨૬.૮ને સુધારીને આ મુજબ લખવામાં આવ્યોઃ શ્રી પીયુષભાઈ શાહ નાયબ કુલસચિવ માટે નિમાયેલી તપાસનાં તપાસ અધિકારીએ રજૂ કરેલ અહેવાલ અન્વયે શિસ્ત અધિકારીશ્રીએ પગલાં લેવાનાં રહે છે.

ઠરાવ-૧: તા.૧૪.૦૩.૨૦૨૩ અને તા.૧૮.૦૩.૨૦૨૩ના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકનાં અહેવાલો અને અમલવારી નોંધોને ધ્યાને લેવામાં આવી અને તેને બહાલી આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૨: Research and Development Cell નાં કાર્યાલય આદેશને ધ્યાને લેવા બાબત.

ઠરાવ-૨: Research and Development Cell નાં કાર્યાલય આદેશને ધ્યાને લેવામાં આવ્યો અને તેને બહાલી આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૩ : Non-Teaching Recruitment Rules, 2023ને મંજૂરી આપવા બાબત.

ઠરાવ-૩: UGCનાં નિર્દેશ પ્રમાણે તૈયાર થયેલ Gujarat Vidyapith Ahmedabad (Deemed to be University)નાં Non-Teaching and Other Academic Posts; Recruitment Rules, 2023ને મંજૂરી આપવામાં આવી અને યુ.જી.સી.નાં નિર્દેશ મુજબ ભારત સરકારનાં શિક્ષણ મંત્રાલયની મંજૂરી મેળવવા મોકલવા તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૪ : Establishment and Administration Rules-2023ને મંજૂરી આપવા બાબત.

ઠરાવ-૪: Gujarat Vidyapith Ahmedabad (Deemed to be University)નાં Establishment and Administration Rules-2023ને મંજૂરી આપવામાં આવી અને આ નિયમો તા.૦૯.૦૫.૨૦૨૩થી લાગુ થશે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૫ : એડજંકટ પ્રોફેસરની યાદીને મંજૂરી આપવા બાબત.

ઠરાવ-૫: એડજંકટ પ્રોફેસરની યાદી નવેસરથી તૈયાર કરવા વિભાગીય અધ્યક્ષોને જાણ કરી નવી યાદી મેળવી બોર્ડ ઓફ મેનેજમેન્ટની બેઠકમાં મંજૂરી અર્થે રજૂ કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૬: તા.૧૦.૦૩.૨૦૨૩નાં રોજ મળેલ વિદ્યાસભામાં ઠરાવ-૧૩થી B.Voc.નું નામાભિધાન B.Sc. Home Science રાખવા ઠરાવેલ છે તેમાં સુધારો કરવા બાબત.

ઠરાવ-૬: તા.૧૦.૦૩.૨૦૨૩ની વિદ્યાસભાનાં ઠરાવ-૧૩થી નક્કી થયેલું B.Voc.નું નામાભિધાન B.Sc. Home Science ને બદલે B.Sc. (Food and Nutrition) રાખવું તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૭ : વર્ષ-૨૦૨૩-૨૪ માટે જુન-૨૦૨૩થી સાદરા અને રાંધેજા પરિસરમાં ચાલતા વિવિધ વિભાગોને અમદાવાદ પરિસરમાં સ્થળાંતર સાથે સમાવિષ્ટ કરવા સૈદ્ધાંતિક મંજૂરી આપવા બાબત.

ઠરાવ-૭: વિવિધ વિદ્યાશાખાઓના સાદરા અને રાંધેજા ખાતેનાં વિભાગોને જુન-૨૦૨૩થી ગૂજરાત વિદ્યાપીઠનાં અમદાવાદ પરિસર ખાતે માળખાગત સુવિધાઓને ધ્યાને લઈ સ્થળાંતર સાથે સમાવિષ્ટ કરવા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી. વધુમાં, શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન વિદ્યાશાખાનાં તમામ વિભાગો સાદરા પરિસર ખાતે ચલાવવા તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૮: છાત્રાલય પ્રવેશ તથા વિદ્યાર્થીઓનાં છાત્રાલય નિવાસ અંગે વિકલ્પ આપવા બાબત.

ઠરાવ-૮: આગામી શૈક્ષણિક વર્ષથી છાત્રાલય સુવિધાઓને ધ્યાનમાં રાખી છાત્રાલય પ્રવેશ આપવાનો નિર્ણય કરવાનું તથા હાલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને છાત્રાલય નિવાસ અંગે છાત્રાલય સુવિધાઓને ધ્યાનમાં રાખી વિકલ્પ આપવાનો નિર્ણય કરવો તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૯: સાદરા પરિસરમાં ચાલતા વિવિધ વિભાગોનું સ્થળાંતર થાય તો સેવકોને મળવાપાત્ર ભથ્થા બાબત.

ઠરાવ-૯: સાદરા પરિસરમાં ચાલતા વિવિધ વિભાગોનું અમદાવાદ પરિસર ખાતે સ્થળાંતર થાય તો નિયમાનુસાર આવતાં ફેરફાર મુજબ મળવાપાત્ર ભથ્થાઓ ચૂકવવા તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૧૦ : વિવિધ સેવાઓ માટે રેટ કોન્ટ્રેક્ટ માટે મંજૂરી આપવા બાબત.

ઠરાવ-૧૦: ૧) ઈલેક્ટ્રીક કામ, ૨) પ્લમ્બિંગ અને ગટરનાં કામ, ૩) સુથારી કામ, ૪) બાંધકામ મરામત કામ, ૫) પરિસરની સાફ-સફાઈ, ૬) શૌચાલય અને બાથરૂમ સાફ-સફાઈ તથા ૭) બાગ- બગીચાઓની જાળવણીનાં કામ જેવી વિવિધ સેવાઓ માટે નિયમાનુસાર રેટ કોન્ટ્રેક્ટ કરવા માટે મંજૂરી આપવી તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૧૧ : હાઉસકિપીંગની વિવિધ સુવિધાઓ પૂરી પાડવા માટે ટેન્ડર પ્રક્રિયા કરવા બાબત.

ઠરાવ-૧૧: "હાઉસકિપીંગ"ની વિવિધ સેવાઓ ટેન્ડર પ્રક્રિયાથી મેળવવા ઠરાવવામાં આવ્યું, ઉપરાંત સીક્યોરીટી સેવાઓ મેળવવા Gujarat Industrial Security Force (GISF) જેવી એજન્સીઓનો ઉપયોગ કરવો તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૧૨ : કાર્યાલય દ્વારા આપવામાં આવેલ Employment Notification No.04/2022-2023 રદ્દ કરવા બાબત.

ઠરાવ-૧૨: યુ.જી.સી.એ F.No.8-3/2019 (DU)-Part(1) date 10.04.2023 પત્રથી ખાલી જગ્યાઓ ન ભરવા સલાહ આપી છે આથી Employment Notification

No.04/2022-2023 દફતરે કરવા અને ઉમેદવારોને અરજી ફીની રકમ પરત કરવી તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૧૩: આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટનાં સભ્ય નિયુકત કરવા બાબત.

ઠરાવ-૧૩: આંતરિક ગુણવત્તા બાંહેધરી એકમમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટનાં સભ્ય નિયુકત કરવા માટે કુલનાયકશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવ્યું. કુલનાયકશ્રીએ આ અન્વયે ડૉ. નવિનચંદ્ર શેઠને નિયુકત કર્યા.

કાર્ય-૧૪ : નાણાં સમિતિની તા.૧૫.૦૩.૨૦૨૩ની બેઠકનાં Item No.3 Res. No. 409ની મંજૂરી આપવા બાબત.

ઠરાવ-૧૪: પ્રવર્તમાન અને ભવિષ્યનાં કોર્ટ કેસ માટે વકીલોની પેનલ બનાવવાનાં બદલે કેસ ટુ કેસ વકીલ નક્કી કરવા અને આ બાબતે શ્રી દિલીપભાઈ ઠાકર સાથે સંકલન કરી આખરીકરણ કરવું તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૧૫: નાણાં સમિતિની તા.૦૮.૦૫.૨૦૨૩ની બેઠકમાં થયેલ ઠરાવો સંદર્ભે નિર્ણય બાબત.

ઠરાવ-૧૫: નાણાં સમિતિ (Finance Committee)ની તા.૦૮.૦૫.૨૦૨૩ની બેઠકમાં થયેલા ઠરાવોને નીચેનાં સ્વરૂપે મંજૂરી આપવી તેમ ઠરાવવામાં આવ્યું:

Res. No. 414: The Committee considered various aspects and approved proposal to increase the fees for the years 2023-24 and 2024-25 as below:

Semester fee Structure (in Rs.)*

| Sr. No | Particular | UG | PG | PG Diploma | Research (Ph.D.) |
|---|---|---|---|---|---|
| 1 | Education fee | 3000 | 6000 | 2000 | 8500 |
| 2 | Internal Exam fee | 500 | 500 | 500 | 2000 (RAC) |
| 3 | Student Support and Welfare fee | 500 | 500 | 500 | 500 |
| 4 | Enhancing professional competency fee | 500 | 500 | 500 | 500 |
| 5 | Curricular activities fee | 500 | 500 | 500 | 500 |
| 6 | Practical/ Instrument maintenance (for Science, Computer, Physical Education subjects only) | 2000 | 2000 | 2000 | 3000 |

* Registration fee Rs.1000.00

Res. No. 415: The Committee has discussed the financial matter of shifting of all Academic Departments operated from Randheja and Sadra (subject to approval of BoM) and approved the proposal in principle. The

details of the cost of shifting may be worked out & submitted to competent authorities for further actions.

Res. No. 416: After a detailed discussion, the Committee considered the matter of repairs and renovation cost of Civil works estimated to Rs. 80.50 Lacs as submitted by the Estate Branch and approved it in principle. These require revision in budget allocation for payments to be made subject to the availability of funds. The work is to be assign through short tender.

Res. No. 417: The Committee considered the proposal of implementation of the ERP suite to deploy a digital framework of the university and approved the outlay of Rs. 25.00/- lacs, in principle.

Res. No. 418: The Committee discussed the matter of Delegation of Financial Powers to various authorities of Gujarat Vidyapith & recommended the approval of the same to the Board of Management.

Res. No. 419: The Committee discussed the proposal of making payment of arrears of 7th Pay Commission to five employees and decided to make the payments after getting the approvals and funds from UGC.

The case of sixth ex-employee may also be referred to UGC with details for the getting the required funds for the payments for arrears. His pension case may also be revised suitably and implemented from current month.

Res. No. 420: The Committee considered the additional requirement of Rs. 76.43 lacs for infrastructure on operating and additional BCA course as Ahmedabad campus. Vice Chancellor informed that this much funds may not be needed on event of shifting of computer laboratories at Randheja and Sadra to Ahmedabad campus. The issue may be reviewed afresh after shifting of the departments at Randheja and Sadra to Ahmedabad campus and, then be put before the Board of Management.

કાર્ય-૧૬: તા.૧૦.૦૩.૨૦૨૩ની વિદ્યાસભાની બેઠકનાં ઠરાવ-૭ બાબતે થયેલ પરિપત્રને ધ્યાને લેવા બાબત.

ઠરાવ-૧૬: તા.૧૦.૦૩.૨૦૨૩ની વિદ્યાસભાની બેઠકનાં ઠરાવ-૭ બાબતે થયેલ પરિપત્રને ધ્યાને લેવામાં આવ્યો. સ્નાતક, અનુસ્નાતક, અનુસ્નાતક ડિપ્લોમા, એમ.ફિલ અને પીએચ.ડી. સિવાયના અભ્યાસક્રમોમાં પ્રોવિઝનલ પ્રમાણપત્ર ડિપ્લોમા કે ડિગ્રી કુલસચિવની સહીથી આપી શકાશે તેમ ઠરાવવામાં આવ્યું.

કાર્ય-૧૭: અધ્યક્ષશ્રીનાં સ્થાનેથી રજૂ થાય તે.

અધ્યક્ષશ્રીનાં સ્થાનેથી રજૂ થયેલાં કાર્યોમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

(૧) હવેથી બોર્ડ ઓફ મેનેજમેન્ટનાં બેઠક અહેવાલને ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ પર મૂકવા તેમ ઠરાવવામાં આવ્યું.

(૨) નિયમિત અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓની ૨૦૨૩-૨૪નાં નવા સત્રથી બાયોમેટ્રીક મશીનમાં હાજરી લેવાનું શરૂ કરવું તેમ ઠરાવવામાં આવ્યું.

(૩) ગૂજરાત વિદ્યાપીઠની તમામ વિદ્યાશાખા અને તેનાં વિભાગોએ અન્ય સંસ્થાઓ સાથે સહયોગથી થતાં કોઈપણ કાર્યક્રમ કુલસચિવશ્રી દ્વારા કુલનાયકશ્રીની મંજૂરી મેળવ્યા પછી જ આયોજિત કરવા તેમ ઠરાવવામાં આવ્યું.

(૪) કાયમી સિવાયના કામગીરી કરતાં સેવકોની માસિક રકમ તર્કસંગત કરવા કુલનાયકશ્રીને સત્તા આપવામાં આવી.

(૫) NCTE માં ITEP પ્રોગ્રામની મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ કરવા અને મંજૂરી પ્રાપ્ત થયે ITEP મુજબ અભ્યાસક્રમ શરૂ કરવો તેમ ઠરાવવામાં આવ્યું.

(૬) બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં આદરણીય કુલપતિશ્રી દ્વારા નિયુકત સભ્યશ્રી ડૉ. હર્ષદ પટેલ ગૂજરાત વિદ્યાપીઠ મંડળનાં સભ્યશ્રી તરીકે બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં નિયુકત થયા છે અને બીજા સભ્યશ્રી ડૉ. રંજના હરીશે વ્યકિતગત કારણોસર આપેલું રાજીનામું આપેલ છે. તેમનું રાજીનામું કુલપતિશ્રીને રજૂ કરવાનું ઠરાવવામાં આવ્યું. વધુમાં, બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં કુલપતિશ્રી દ્વારા નિયુકત સભ્યો પૈકી બે જગ્યા પર નવા સભ્યોની નિયુક્તિ કુલપતિશ્રી પાસેથી મેળવવી તેમ ઠરાવવામાં આવ્યું.

બેઠકના અંતમાં સૌ સભ્યોનો આભાર માની બેઠક પૂર્ણ કરવામાં આવી.

તા.૦૯.૦૫.૨૦૨૩

(ડૉ. નિખિલ ભટ્ટ)
ઇન્ચાર્જ કુલસચિવ